દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૦ વર્ષ

બુધવાર ૨૫ જાન્યુઆરી, ૨૦૨૩

# હાલમાં અર્થતંત્રની ચોક્કસ ગતિ સમજવી મુશ્કેલ છે

બજેટ નજીક આવી રહ્યું છે ત્યારે દેશના અર્થતંત્રની સ્થિતિ અંગેની ચર્ચાઓ ફરી જોર પકડશે. કોવિડ-૧૯નો રોગચાળો વર્ષ ૨૦૨૦ની શરૂઆતના મહિનાઓમાં વિશ્વના અન્ય દેશોની સાથે ભારતમાં પણ શરૂ થયો તે પહેલાથી જ દેશમાં મંદીના વાયરા શરૂ થઇ ગયા હતા. કોવિડના રોગચાળાના પ્રારંભે સખત લોકડાઉન દેશભરમાં લાદવું પડ્યું તેનાથી અર્થતંત્રને વધુ મોટો આંચકો લાગ્યો. લોકડાઉન ઉઠાવી લેવાયા બાદ પણ અન્ય નિયંત્રક પગલાઓ લાંબા સમય સુધી ચાલુ રાખવા પડ્યા, જો કે તે ક્રમશઃ હળવા કરાતા ગયા. લોકડાઉન ઉઠાવાયા પછી અર્થતંત્રમાં ધીમે ધીમે રિકવરી આવવા માંડી ખરી પરંતુ રોગચાળાની બીજી લહેર આવી અને તેમાં ઘણુ ખોરવાયું. સ્થિતિ સુધરતી અને બગડતી રહી, અર્થતંત્ર પર અન્ય પરિબળો પણ અસર કરી રહ્યા હતા. ૨૦૨૨ના વર્ષના ફેબ્રુઆરી માસમાં રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું, જેણે રોગચાળા પછી બેઠા થઇ રહેલા વિશ્વના અર્થતંત્રને ફરી એક મોટો આંચકો આપ્યો. ભારત સહિતના એશિયન દેશો પર આ યુદ્ધની અસર ઓછી થઇ, પરંતુ થઇ તો ખરી જ. ભારતીય અર્થતંત્રનો પાયો જો કે મજબૂત છે અને વિશાળ વસ્તીને કારણે અને અન્ય અર્થતંત્રો પર તે ઓછું આધારિત હોવાને કારણે વૈશ્વિક આંચકાઓથી ઘણે અંશે બચેલુ રહે છે પરંતુ સંપૂર્ણ અલિપ્ત રહી શકતું નથી, રહી શકાય તેવી સ્થિતિ પણ આજે નથી. ઘરઆંગણેની કેટલીક મુશ્કેલીઓ પણ આપણા અર્થતંત્રને અસર કરી રહી છે. યુદ્ધ શરૂ થયા પછી ફુગાવાની સમસ્યા ભારતીય અર્થતંત્રને પણ ઘણી પરેશાન કરતી હતી અને ફુગાવા એટલે કે મોંઘવારીને અંકુશમાં રાખવા માટે રિઝર્વ બેન્કે અનેક વખત તેના રેપો રેટમાં વધારો કરવો પડ્યો. સતત ઉંચે રહેતો ફુગાવાનો દર છેક ૨૦૨૨ના વર્ષના અંતભાગે કંઇક નીચે આવ્યો ખરો. છૂટક ફુગાવો ડિસેમ્બર ૨૦૨૨માં એક વર્ષના નીચા એટલા ૫.૭૨ ટકાના દરે પહોંચ્યો હતો જે મુખ્યત્વે શાકભાજીઓની ઘટેલી કિંમતોને કારણે બન્યું છે એમ જાન્યુઆરીમાં જારી થયેલા સત્તાવાર આંકડાઓ પરથી જાણવા મળ્યું હતું, જ્યારે કે સત્તાવાર આંકડાઓ જણાવતા હતા કે નવેમ્બરમાં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનનો વિકાસ વધીને પાંચ મહિનાના ઉંચા ૭.૧ ટકાના દરે પહોંચ્યો છે. આમ જોવા જાવ તો આ બેવડા આનંદની સ્થતિ છે પરંતુ દેશનો આર્થિક વિકાસ ધીમો પડ્યો છે અને તે ચાલુ વર્ષ વિશ્વનું સૌથી વધુ ઝડપે વિકસતું અર્થતંત્ર રહેશે નહીં એવા પણ સંકેતો છે અને ભારતની વેપાર ખાધ નાણાકીય ખાધ તો ઉંચી રહી જ છે.

ગ્રાહક ભાવસૂચક આંક(સીપીઆઇ) કે જે સતત બીજા મહિને ૬ ટકાના કમ્ફર્ટ ઝોનની અંદર રહ્યો છે તેણે રિઝર્વ બેન્કને તેના દર વધારાને અટકાવવાનો વધુ અવકાશ આપ્યો છે જે દર વધારો ગયા વર્ષના મે મહિનાથી થઇ રહ્યો છે. આરબીઆઇને કેન્દ્ર સરકારે ફુગાવો ૬ ટકાની અંદર રાખવાનું કામ સોંપ્યું છે. આમ તો તેને ફુગાવો કે મોંઘવારીનો દર ૪ ટકા પર બંને બાજુએ બે-બે ટકાના માર્જીન સાથે રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે એટલે કે છ ટકાની અંદરનો ફુગાવો એ કમ્ફર્ટ ઝોનની અંદરનો ફુગાવો ગણવામાં આવે છે. છૂટક ફુગાવાનો દર નવેમ્બર ૨૦૨૨માં ૫.૮૮ ટકા હતો, ત્યારે તે લાંબા સમય પછી કમ્ફર્ટ ઝોનની અંદર આવ્યો હતો. ગત વર્ષના ડિસેમ્બર માસ પહેલા તે અગાઉનો નીચો દર ડિસેમ્બર ૨૦૨૧માં ૫.૬૬ ટકા હતો. જો કે ૨૦૨૨ના વર્ષની શરૂઆતથી છૂટક મોંઘવારીનો દર વધવા માંડ્યો હતો. નેશનલ સ્ટેટેસ્ટિક્સ ઓફીસ(એનએસઓ) દ્વારા હાલમાં બહાર પાડવામાં આવેલા આંકડાઓ મુજબ ડીસેમ્બરમાં ફૂડ બાસ્કેટમાં ફુગાવો ૪.૧૮ ટકા હતો જેની સામે નવેમ્બરમાં તે ૪.૬૭ ટકા હતો. શાકભાજીની બાબતમાં ફુગાવો વાર્ષિક ધોરણે ૧૫ ટકા જેટલો ઘટ્યો છે. તેલ, ઘી વગેરેના ભાવો પણ ઘટ્યા છે પરંતુ અનાજના ભાવમાં ૧૪ ટકા જેટલો વધારો નોંધાયા છે જયારે ઈંધણ અને વિજળીના ભાવોમાં વર્ષો વર્ષના ધોરણે ૧૧ ટકાનો વધારો દેખાયો છે. બીજી બાજુ, મેન્યુફેકચરિંગ સેકટરના બહેતર દેખાવને ટેકે નવેમ્બરમાં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનનો વિકાસ દર પાંચ મહિનાના ઉંચા એવા ૭.૧ ટકાના દરે પહોંચ્યો છે. જેના વડે ફેકટરીઓમાંથી બહાર પડતું ઉત્પાદન માપવામાં આવે છે તે ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડકશન(આઇઆઇપી) આ પહેલા ઓકટોબરમાં ૪.૨ ટકાના દરે સંકોચાયો હતો. આ પહેલાનો આનો ઉંચો દર જૂન ૨૦૨૨માં ૧૨.૬ ટકાનો નોંધાયો હતો, એટલે કે નવેમ્બરમાં તેણે પાંચ મહિનાનો ઉંચો દર બનાવ્યો છે. આંકડાઓ મુજબ કેપિટલ ગુડ્સ એટલે કે મૂડી સામાનના ઉત્પાદનમાં મોટો વધારો નોંધાયો છે અને તેના વિકાસ દરમાં નવેમ્બર મહિનામાં ૨૦.૭ ટકાનો પ્રભાવશાળી વધારો નોંધાયો છે. જયારે કે ગ્રાહક વપરાશી વસ્તુઓના ઉત્પાદનમાં ૫.૧ ટકાનો વધારો નોંધાયો છે.

આ નાણાકીય વર્ષના પ્રથમ અર્ધભાગમાં ભારતનો જીડીપી વિકાસદર ૯.૭ ટકા રહ્યો, જે એક વર્ષ અગાઉ ૧૩.૭ ટકા હતો. આ નાણાકીય વર્ષ માર્ચમાં પુરુ થશે અને એપ્રિલથી શરૂ થતા નવા નાણાકીય વર્ષમાં જીડીપી વિકાસ દર વધુ ઘટશે એવો અંદાજ છે. ભારત વિશ્વનું સૌથી વધુ ઝડપે વિકસતું અર્થતંત્ર બન્યું હતું પરંતુ તે હવે સાઉદી અરેબિયાની પાછળ થઇ જાય અને બીજા ક્રમનું વિકસતું અર્થતંત્ર બને તેવો અંદાજ છે. સામાન્ય વ્યક્તિને સ્પર્શતી બેરોજગારી જેવી સમસ્યાઓ ચાલુ જ છે. ટૂંકમાં અર્થતંત્રની ગતિ હાલમાં સમજવી મુશ્કેલ છે.

# વર્ષ ૧૮૯૪ની અંગ્રેજી જેલ સુધારણા સ્વરાજયનાં ૭૫મા વરસે પણ નિભાવીશું

## અવારનવાર

**ડૉ.નાનક ભટ્ટ**

વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં ૧૨ સ્થળોએ બૉમ્બ બ્લાસ્ટ કરી ૨૫૭ નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારનાર અને ૭૧૩ લોકોને જખમી કરનાર યાકુબ મેમણને ફાંસી આપવાનો ચુકાદો ટાડા કોર્ટે વર્ષ ૨૦૦૭માં આપ્યો હતો પણ આ દેશનાં પ્રામાણિક નાગરિકોનાં ટેક્સનાં પૈસા વસુલ કરવાનું હજુ બાકી હશે તો છેવટે ૨૨ વર્ષ પછી મેમણને નાગપુરની જેલમાં રૂ.૨૧.૯ લાખના ખર્ચે ફાંસી આપવામાં આવી.

તારીખ ૨૬-૧૧-૨૦૦૮માં દરિયા રસ્તે મુંબઇ પહોંચી ૧૬૬ લોકોને હણી નાખનાર અજમલ કસાબને જેલમાં સાચવવાં મહારાષ્ટ્ર સરકારે રૂ.૨૫ કરોડ ખર્ચવા પડયા! ભારતીય સંવિધાનનું રક્ષણ કરવા માટે પ્રવૃત્ત સંસદ ભવન ઉપર જ હુમલો કરનાર અફઝલગુરુનું જેલવાસ દરમિયાન જતન કર્યુ અને તમામ બંધારણીય વિકલ્પોમાંથી પસાર થતાં સુધી રાહ જોઈ છેવટે ૨૦૧૨માં તિહાર જેલમાં ફાંસી બજાવવામાં આવી.

વર્ષ ૧૮૯૪થી અમલી The Prisons Actમાં અંગ્રેજોએ નોંધ્યુ કે, “A Society gets as many criminals as it deserves”અને આથી સ્વાતંત્ર્યની લડત સમયે આંદામાન-નિકોબારમાં કાળા-પાણીની સજા આપતી સિતમ ગુજારતી સેલ્યુલર જેલ વિકસાવવામાં આવી. તે પછી ૬૧ વર્ષે ૧૯૫૫માં The Bombay Jail Manual દ્વારા જેલ સુધારણા અમલી બનાવવાનો પ્રયત્ન થયો.

વાલીયો લુટારો વાલ્મીકી બન્યો; તેવાં પ્રાચીન પ્રમાણને મધ્યસ્થ રાખી બંદીજનો સમાજનુ જ એક અવિભાજ્ય અંગ છે તેવી સામાજિક પ્રતીતિ આપવા રાજ્ય સરકારે ભગીરથ પ્રયત્ન અને ખર્ચ પ્રારંભ્યો. જેલની સુધારણા સાથે ૧૯૯૩માં Human Right Protection Act નીચે જેલને માનસિક રોગના સારવાર કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યુ; એટલુ જ નહીં પણ જેલ ખાતાના ઉદ્દેશમાં લખાયુ કે, (૧) નામદાર કોર્ટ દ્વારા ગુનેગારોને કરવામાં આવતી સજાનું પાલન કરવું. (૨) જેલમાં આવેલ કેદીઓની સલામતી જાળવવી. (૩) કેદીઓને શારીરિક, માનસિક સ્વાસ્થ્યની જાળવણી કરવી. (૪) શિક્ષાના ભાગરૂપે કેદીઓને રોજગારલક્ષી ઉદ્યોગની તાલીમ આપવી ઉપરાંત (૫) જેલમુક્ત થાય પછી સમાજમાં પુનઃ સ્થાપિત થાય તેવા સુધારાલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવું.

જેલની બદલાયેલ વિભાવનાને આકાર આપવા ગુજરાત રાજ્યે અમદાવાદ વડોદરા ખાતે મધ્યસ્થ જેલ વ્યવસ્થા ઊભી કરી છે. જેમાં મોતની સજા પામેલા, પાંચથી વધુ વખત જેલમાં ગયેલ રીઢા ગુનેગારો તેમજ આજીવન કારાવાસના કેદીઓને રાખવામાં આવે છે. આ ઉપરાંતરાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર પ્રકારે ૮ જીલ્લા કેન્દ્રોમાં તેમજ પોરબંદર-ભૂજમાં ખાસ જેલ તો અમરેલીમાં ખુલ્લી જેલ અને ૧૧ જીલ્લાઓમાં સબજેલ વિકસાવવામાં આવેલ છે. વર્ષ ૧૮૮૧માં સ્થાપિત વડોદરા જેલથી શરૂ કરી ૨૦૦૮માં કરી ૨૦૦૮માં સ્થપાએલ ગોંડલ સબજેલમાં ૭૧૩૧ કેદીઓને સમાવવા ક્ષમતા છે. પણ જેલખાતાના વાર્ષિક અહેવાલ મુજબ ૧૩૪૬૪ કેદીઓને રાખવા પડે છે. આ માટે ભારત સરકારના ૭૫% અને રાજ્ય સરકારના ૨૫% ફાળા સાથે જેલ સુધારણા માટે સરકાર વાર્ષિક 87852 કરોડનો ખર્ચ કરે છે.

જેલ નિવાસ દરમિયાન કેદીઓને સવારે ૭ વાગ્યે પ્રાર્થના, યોગ બાદ ચા સાથે ૧૨૫ ગ્રામ નાસ્તો, બપોરે ૩૫૦ ગ્રામ વજનમાં પ્રત્યેક કેદીને દાળ, ભાત, શાક, રોટલી-રોટલા અને ગોળ પીરસવામાં આવે છે. કાચા કામના કેદીઓ સિવાયના બાકીનાં ઉત્પાદકીય શ્રમ સાથે જોડાય છે અને સાંજના ૪-૩૦ થી ૬ દરમિયાન રમત-ગમત, વાંચન, પ્રવચન પ્રકારના કાર્યક્રમો બાદ સાદું ભોજન આપવામાં આવે છે.

માત્ર વડોદરા જેવી મધ્યસ્થ જેલમાં જ ૧૬ થી ૨૧ વાહનો રાખવામાં આવ્યા છે. ૨૪૭ કર્મચારીઓ જેલના કેદીઓની વ્યવસ્થા કરે છે અને કેદીઓના પુનર્વસનના કલ્યાણકારી ખ્યાલથી જેલમાં સુથારી, વણાટ, બેકરી, પ્રિન્ટીંગ પ્રેસ, ગૌપાલન પ્રકારે ૧૮ થી ૨૦ તાલીમો આપવામાં આવે છે ઉપરાંત આર્ટ ઓફ લિવિંગ, યોગ, નિરક્ષરતા નિવારણ, વ્યસનમુક્તિ, વાંચનાલય પ્રકારે કાર્યક્રમો સાથે ગુનેગારોને જોડવામાં આવે છે. આવી સાર-સંભાળ હોવા છતાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૨,૮૯૨ દરદી અને ૧૯-૨૦માં લગભગ ૩૮૦૦૦ કેદી દરદીઓની લેપ્રસી, શ્વાસોશ્વાસ, ન્યુમોનિયા પ્રકારે રોગની સારવાર કરવી પડેલી, જેનું ડૉકટરી બીલ દેશનાં નાગરિકોએ ભોગવ્યું છે.

ગુજરાત સહિત દેશનાં જેલ કાયદાઓમાં ૧૯૯૩ પછી કોઈ નવા સુધારા દાખલ થયા નથી. આથી ખોરાક, માંદગી સહાય, સ્ટાફ, બિલ્ડીંગ નિભાવ, વાહનો પ્રકારે કરોડો રૂપિયાના રોકાણ પછી પણ ગુજરાતની ૨૫ જેલોમાં કેદીઓ દ્વારા ચાલતા ઉદ્યોગો થકી તો રૂ.૨.૮ કરોડની આવક નોંધાય છે. આ સ્થિતિ વચ્ચે જેલના કેદીઓ ઉપરના માનસ શાસ્ત્રીય અભ્યાસો પરથી ફલિત થાય છે કે માત્ર ૫% કેદીઓ કયારેય ગુનો નહીં આચરવાની માનસિકતાથી બહાર આવે છે. અન્યથા જેલ એ સુધારણા નહીં પણ ગુનેગારોનું સુરક્ષિત આવાસ સ્થાન છે.

પ્રવર્તમાન ન્યાયિક કાયદાઓની ખામી રહી છે કે ગુનેગાર સજા ભોગવે છે પણ, ન તો તેના પરિવારની કાળજી લેવાય છે કે, ન તો ગુનેગારના અમાનવીય વર્તનનો ભોગ બનેલ કુટુંબની કાળજી લેવાય છે!! આથી સરવાળે એક ખૂની, પોતાના અને મરનારના તેમ બે ઘરોને ગરીબી અને લાચારીમાં ઢસડી જાય છે. ગુનેગાર જેલમાં મૃત્યુ પામે તો Human Right Violation હેઠળ જેલ અધિકારી ઉપર પગલા લેવાય છે. આથી રીઢા ગુનેગારો જેલને સુધારણા માટે નહીં, પણ જેલને સુવિધા તરીકે વાપરે છે અને સમાજમાં તંગદીલી ઊભી ને ઊભી જ રહે છે.

રાજકારણના નવા દાવપેચની ચાલમાં જેલનો ઉપયોગ પક્ષિય હિસાબો પાર પાડવા માટે થવા લાગ્યો છે. ગુજરાતમાં જ્યારે BJP શાસક પક્ષે હતી ત્યારે ઈશરત જહાં અને તુલસી એન્કાઉન્ટર જેવા આરોપમાં બાહોશ પોલીસ અધિકારી વણજારા અને બીજા ૧૭ હોદ્દેદારોને ૯ વર્ષ સુધી જેલમાં રખાયા અને ભારત સરકાર BJP ના હાથમાં આવી તે ક્રમશઃ કોર્ટે તમામને પુરાવાના અભાવે દોષ મુક્ત કર્યા! આમ, રાજકીય કાવાદાવાના હિસાબોનો ખર્ચ પણ પ્રજાની કેડે. આ તો કેવો ન્યાય!! આ વાસ્તવિકતા વચ્ચે જેલના સળિયા પાછળ ગુનેગારોની સુધારણાના વિચારને પડતો મૂકી ૨૧મી સદીમાં જેલ વ્યવસ્થાને ગુનેગારો માટેના કાયદાકીય નિવાસની વ્યવસ્થા તરીકે સ્થાપવા નવો કાયદો જરૂરી છે.

ગુનો આચરનાર વ્યક્તિની મુક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા છીનવી લેવા પૂરતા જેલ કાયદાને મર્યાદિત ન રાખતા ગુનેગારોને જેલવાસ દરમિયાન પોતાનો ખર્ચ અને જેના ઉપર ગુનો આચરવામાં આવ્યો છે તે પરિવારનો આર્થિક બોજો ઊઠાવવાની ફરજ પાડવી જોઈએ. અંગ્રેજોએ વિશાળ પરિસરમાં સ્થાપેલ જેલ ગ્રાઉન્ડમાં ટેક્સ ફ્રી ઝોન કરી ઉદ્યોગોને નિમંત્રિત કરી ગુનેગારો ફરજિયાતપણે જાત કમાઈ કરે તેવો આગ્રહ રખાવો જોઈએ. મોટર વાઈડીંગ, ઓટો મોબાઈલ રીપેરીંગ, હીરા ઉદ્યોગ, ઈલેક્ટ્રોનિક્સ ઈન્સ્ટ્રુમેન્ટ રીપેરીંગ જેવા નવા માર્કેટ ફ્રેન્ડલી ઉદ્યોગોને તાલીમ અને ઉત્પાદન સાથે જોડવા જોઈએ.જેમ ધર્મના નામે પાખંડ પોસાઈ રહયું છે તેમ, જેલ વ્યવસ્થાના નામે ગુનેગારી પોસાઈ રહી છે જે ચિંતાકારી છે. ત્યારે ચીન સહિત દુનિયાનાં દેશો હવે જેલને સ્વાવલંબી બનાવી પ્રમાણિક નાગરિકોના ટેકસને વેડફવાનો રસ્તો ક્રમશઃ બંધ કરી રહયા છે અને જેલના કેદીઓને જેલ પરિસરમાં કામઢા માણસ તરીકે પુરવાર કરવાની તક આપી તેને સમાજ ઉપર બોજારૂપ ન બનવાની ફરજ પાડી રહયા છે.

નામ ‘જેલ સુધારણા’ છે પણ ખરેખર ગુનેગારોની માનસિક્તામાં ફરક પડતો જ નથી તે જેલ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થયું જ છે. ત્યારે જેલ સુધારણા કાયદાને ફરી વિચારણા હેઠળ મૂકવામાં આવે તે સમયની માગ બને છે. Indian Penal code હેઠળ ગુનેગારને સંરક્ષણ આપનાર પણ ગુનેગાર ઠરે છે તો જેલ સુધારણાના નામે ગુનેગારોને કામચલાઉ વિસામો આપતી જેલ અને જેલની વ્યવસ્થાને ગુનેગાર ન કહેવી પડે? ઘણી લાંબી પ્રક્રિયા છે આમ છતાં, ‘જેલ સુધારણા’વિષયે ફેર વિચારણા કરીને કમ સે કમ પ્રમાણિક અને વફાદારીથી ભરપૂર દેશનાં નાગરિકોનાં અધિકારનું જતન થવું જોઈએ. આ માટે નવી શિક્ષણ નીતિનાં નિર્ણય બાદ રાજ્યનાં ગૃહ વિભાગે હિંમત દાખવી પહેલ કરવી જોઈએ.

**- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.**

## ફરક

એક સુંદર તળાવના કિનારે એક બગલો અને બગલી રહેતાં હતાં અને શાંત મુદ્રામાં ઊભા રહેવાનો ડોળ કરીને તેઓ રોજ તળાવના કિનારે તરતી માછલીઓ લાગ જોઇને પકડી લેતાં અને તેમને પોતાનું ભોજન બનાવતા. એક દિવસ એક હંસ અને હંસલીનું જોડું ત્યાં આવ્યું અને તળાવમાં રહેવા લાગ્યું.

તેઓ રોજ તળાવમાં તરતા અને થોડા દિવસોની મહેનત બાદ તેમણે તળાવમાંથી મોતી શોધ્યું.બગલા બગલીએ આ જોયું.તેમને નવાઈ લાગી કે અમે આટલા દિવસોથી માછલી જ પકડીએ છીએ, અમને તો કોઈ મોતી મળ્યું નહિ અને આ હંસ અને હંસલીને મોતી મળ્યું.બગલા અને બગલીએ ,હંસ પાસે જઈને પૂછ્યું , ‘ભાઈ, આ તળાવ તો એક જ છે છતાં અમને તો કોઈ દિવસ મોતી મળ્યું નહિ. રોજ માછલીઓ જ મળી અને તમને મોતી મળી ગયું? એવું કઈ રીતે શક્ય છે?’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

હંસ બોલ્યો,‘દોસ્ત ,તારી વાત સાચી છે. આ તળાવ તો એક જ છે, પણ શું શોધવું છે અને શું મેળવવું છે તેનો આધાર આપણા મન,મહેનત અને વિચારો પર રહેલો છે.ખરાબ ન લગાડજો, દોસ્ત, પણ તમારું લાલચુ મન માછલી જોઇને લલચાઈ જાય એટલે તમને મોતી યાદ જ ન આવે.તમે શાંત મુદ્રામાં રહેવાનો ડોળ કરીને માછલીઓને છેતરીને પકડવામાં વ્યસ્ત રહો તો મોતી વિષે વિચારી જ ન શકો.તમે માત્ર કિનારે પાસે આવતી માછલીઓ પકડી લો અને તળાવમાં ઊંડા ઉતરવાની મહેનત જ ન કરો તો તમને મોતી ક્યાંથી મળે?’હંસે બગલાને સમજાવ્યો.બગલા - બગલી વાત સમજ્યાં, પણ થોડી વારમાં બધું ભૂલીને ફરી પાછાં માછલી પકડવામાં જ વ્યસ્ત થઇ ગયાં.

વાત તો બગલા- બગલી અને હંસ અને હંસલીની છે.પણ તેને જીવન જોડે જોડીને સમજીએ તો કૈંક રસપ્રદ જાણવા મળશે. આ જીવન એક તળાવ છે અને તે તળાવ રૂપી જીવનમાંથી આપણે શું મેળવવું છે ..શું જાણવું છે ..શું શીખવું છે ..કયાં પહોંચવું છે તે બધાનો આધાર આપણા વિચારો ..આપણા મન ...અને આપણી સમજ અને મહેનત પર લાગુ પડે છે.બગલા -બગલી અને હંસ-હંસલીનાં મન, વિચારો અને સમજમાં જે ફરક છે તેને કારણે બગલા -બગલીને માત્ર માછલીઓ મળે છે અને હંસ- હંસલીને મોતી....જીવનમાં પણ જો ઓછી મહેનતે થોડું મેળવી સંતુષ્ટ થઈશું તો બગલા -બગલીની જેમ માછલી મળશે અને વધુ મહેનત સતત કરીશું તો સાચી સફળતાનું મોતી મળશે. ફરક બસ વિચારો ..મહેનત ..મનનો રહેશે.

# બી.બી.સી. ની ફિલ્મનો હેતુ શું છે?

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

બ્રિટીશ બ્રોડ કાસ્ટિંગ કોર્પોરેશન - બી.બી.સી. એ ગયા સપ્તાહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરત્વે એક દસ્તાવેજી ફિલ્મ રજૂ કરી. તેનું ધ્યેય મોદી સામે જૂના ને પ્રચારને જીવંત કરવાનું અને તેમને ૨૦૦૨ ના ગુજરાતનાં રમખાણોમાં ભેરવી દેવાનું લાગે છે. બી.બી.સી.એ પોતાની દસ્તાવેજી ફિલ્મના પ્રચારમાં કહ્યું છે કે બ્રિટન સરકારે કરેલી ‘છૂપી પૂછપરછ’ પર આધારિત આ ફિલ્મ છે, પણ બ્રિટીશ સરકારે આ દાવાનો સરેઆમ ઈન્કાર કર્યો છે.

બ્રિટીશ વડા પ્રધાન રિશી સુનાકે આ હેવાલને ફગાવી દેતાં કહ્યું છે કે મોદીના ચરિત્રાલેખન સાથે હું નાસંમત છું. ભારત સરકારે પણ આ દસ્તાવેજી ફિલ્મને ફગાવી દેતાં કહ્યું કે આ ફિલ્મ અપપ્રચાર છે. આમ છતાં આ દસ્તાવેજ ફિલ્મ ધારણા મુજબ જ ચર્ચાનો વિષય બની છે અને મોદી સરકારના વિરોધીઓમાં રસનો વિષય બની છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે યુટયૂબ અને ટવીટર પર આ ફિલ્મ અને તેની લિંક પર પ્રતિબંધ મૂકયો છે. ૩૦૦ થી વધુ ભૂતપૂર્વ ન્યાયાધીશો, નિવૃત્ત અધિકારીઓ અફસરો વગેરેના જૂથે આ દસ્તાવેજી ફિલ્મને ભારત સામેના ‘અવિરત પૂર્વગ્રહ’ બદલ વખોડી નાંખી છે અને કહ્યું છે કે આ દસ્તાવેજી ફિલ્મ અસત્ય અને વિકૃત વાતો પર આધારિત છે અને તે એક સ્વતંત્ર અને લોકશાહી દેશ તરીકે ભારતના અસ્તિત્વના પાયા સામે જ સવાલ ઉઠાવે છે. સ્વાભાવિક રીતે મોદીના તમામ ટીકાકારો રાજી થયા છે અને ફરી તેમના પર હુલ્લડ પર નજર રાખવાનો અને પોલીસોને શિસ્ત માટેનાં પગલાં લેતાં રોકવાનો આક્ષેપ કર્યો છે.

વિચિત્ર વાત એ છે કે બી.બી.સી. ની દસ્તાવેજી ફિલ્મમાં કેટલીક હકીકતોને શામેલ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. હજી ગયા વર્ષના જૂન મહિનામાં સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના ગુજરાતના હુલ્લડના મામલામાં મોદી સહિતના ૬૪ માણસોને સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ - સીટે કલીન ચીટ આપી તેને માન્ય રાખવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસના હત્યા કરાયેલા નેતા એહસાન જાફરીનાં પત્ની ઝાકિયા જાફરીએ કરેલી અરજીને રદ કરતાં કહ્યું હતું કે આ અરજીમાં કોઇ પાત્રતા નથી.

આ ઉપરાંત આ દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવાના સમયે પણ કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે? અત્યારે જ કેમ? આ દસ્તાવેજી ફિલ્મનું નિશાન ભારત, તેની લોકશાહી રીતે ચૂંટાયેલી સરકાર વડા પ્રધાન અને તેની બહુમતી વસ્તી છે? મોદીની આગેવાની હેઠળની સરકાર આ વર્ષે જી-20 શિખર પરિષદ યોજવાની છે અને ભારતની તાકાત બતાવતા ૨૦૦ થી વધુ કાર્યક્રમો દેશભરમાં યોજાવાના છે તે કારણ છે? ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણી માટે હાલ નબળા વિરોધ પક્ષને બળ માટે તેને મદદ કરવાનો તેનો હેતુ છે?

રસપ્રદ વાત એ છે કે બી.બી.સી.એ આ દસ્તાવેજી ફિલ્મ નવા ‘પુરાવા’ આધારિત હોવાનું જણાવી પ્રચાર કર્યો છે. અજ્ઞાત રહેતા એક ભૂતપૂર્વ બ્રિટીશ રાજદ્વારીએ આ ફિલ્મમાં જણાવ્યું હતું કે હિંસામાં કમમાં કમ ૨૦૦૦ લોકોની હત્યા થઇ હતી જેમાંથી બહુમતી મુસલમાનોની હતી. આ મુસલમાનો સામેનો ઈરાદાપૂર્વકનો અને રાજકીય હેતુથી કરાયેલો. સાબરમતી એકસપ્રેસની બોગી સળગાવી દેવાને પગલે ફાટી નીકળેલા રમખાણનો દોષનો ટોપલો મોદી પર ઢોળી દેવા માટે તેમાં અવિશ્વસનીય અધિકારી અને શંકાશીલ વ્યકિતઓની જુબાની ટાંકવામાં આવી છે. હાંકી કઢાયેલા ભૂતપૂર્વ પોલીસ અધિકારી સંજીવ ભટ્ટ, આર.બી. શ્રી કુમાર અને તીસ્તા શેતલવડ વગેરેએ કરેલા આક્ષેપો છે. આ લોકો મોદી વિરોધી તરીકે જાણીતા છે અને તેમની રજૂઆતને પડકારવામાં આવી છે અને સુપ્રીમ કોર્ટે ખારિજ કરી છે. સંજીવ ભટ્ટને તો કસ્ટોડિયલ મૃત્યુ માટે કસૂરવાર ઠેરવી જેલની સજા પણ થઇ છે. હવે આ ફિલ્મ પર કેટલો ભરોસો રાખી શકાય?

ભટ્ટે તો દાવો કર્યો છે કે મેં તે સમયના ગુજરાત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી એક એક એવી બેઠકમાં હાજરી આપી છે કે જેમાં તેમણે સત્તાધીશોને કહ્યું હતું કે હિંદુઓને મુસ્લિમો સામેનો તેમનો આક્રોશ ઠાલવી લેવા દો જેથી ગુજરાતમાં ગોધરા જેવી ઘટના ફરી કયારેય નહીં બને. ભટ્ટે કહ્યું કે ૫૯ અયોધ્યા કારસેવકોનું મોત થયું તે સાબરમતી ટ્રેન સળગાવી દેવાની ઘટના પછી આ બેઠક મળી હતી. તે સમયે ભટ્ટ ગુજરાતના જાસૂસી બ્યૂરોમાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટ હતા.

સુપ્રીમ કોર્ટે રચેલી સીટે એવું તારણ કાઢયું હતું કે ભટ્ટ પોતે કહે છે કે એવી કોઇ બેઠકમાં હાજર જ ન હતા! સરકારે ઝડપથી પગલાં લઇ તા. ૨૮ મી ફેબ્રુઆરીએ લશ્કર બોલાવી લીધું હતું. ૫૪ મૃતદેહોને અમદાવાદ લઇ જવા પડયા હતા. કારણકે તેમના સગાંઓ અમદાવાદ અને તેની આસપાસ રહેતાં હતાં. આ મૃતદેહોને પોલીસ અધિકારીઓના રક્ષણ હેઠળ લઇ જવામાં આવ્યા હતા અને ૩૦ કિલોમીટરના આ અંતર દરમ્યાન ત્રણ વાર આ અધિકારીઓને બદલવામાં આવ્યા હતા. વળી મોદીના રહેઠાણે મળેલી બેઠકમાં ભટ્ટ હાજર જ ન હતા અને તેથી તે ભરોસાપાત્ર નથી.

નાણાવટી - મહેતા પંચે પણ જણાવ્યું હતું કે મોદીના ઘરે મળેલી બેઠક વિષે ભટ્ટ જુઠું બોલ્યા છે અને ફેકસ મશીનની મદદથી બનાવટી દસ્તાવેજ બનાવ્યાં છે. અલબત્ત, સરકાર બતાવવા માંગે છે કે અમને આવી ફિલ્મોથી કંઇ અસર થવાની નથી તો મોદીના સહાયકો માને છે કે ભારત જી-20 અને ૨૦૨૪ ની કવોડ શિખર પરિષદની યજમાન ગતિની તૈયારી કરે છે ત્યારે ભારત અને વ્યકિતગત રીતે વડા પ્રધાનને નિશાન બનાવવાના હજી પ્રયત્નો થશે.

**- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.**

# ચર્ચાપત્ર

## ધ્વજવંદનથી બાળકોમાં દેશભક્તિનું સિંચન

વર્ષ ૧૯૪૭માં ૧૫મી ઓગસ્ટના દિવસે ભારત દેશ આઝાદ થયો, તે દિવસ સ્વતંત્રતાદિન તરીકે આખા દેશમાં ઉજવણી થાય.લાલ કિલ્લા પર વડા પ્રધાન દ્વારા ધ્વજવંદન કરવામાં આવે છે.જ્યારે વર્ષ ૧૯૫૦ નવું બંધારણ અમલમાં આવ્યું તે દિવસ પ્રજાસત્તાક દિન તરીકે ઉજવાય છે.શહેરમાં સરકારી કચેરીઓ,શાળાઓ,સામાજિક સંસ્થાઓ દ્વારા આ રાષ્ટ્રીય તહેવારોની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે.આપણા શહેરમાં જ્યાં પણ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાતો હોય ત્યાં આપણા ઘરનાં નાનાં બાળકોને અચૂક લઈ જવાં જોઈએ,ધ્વજવંદનના કાર્યક્રમમાં જવાથી બાળકોમાં દેશભક્તિની ભાવના જાગે છે.સ્વતંત્ર ભારત અને ગુલામ ભારતની તુલના થાય ત્યારે આપણા સ્વતંત્ર ભારતની કદર થાય.દેશભક્તિની ભાવના બાળપણથી પ્રકટ થાય. મારા પિતાશ્રી દરજી હતા. બાળપણમાં મને કાપડનો ત્રિરંગો ધ્વજ બનાવી આપતા તે હું મારા ઘર પર લગાવતો. જ્યારે અમે યુવાવસ્થામાં આવ્યા ત્યારે વલ્લભજીવનની ચાલના મિત્રોએ જે.જે.યુવક મંડળની સ્થાપના કરી.વર્ષ ૧૯૯૭થી ધ્વજવંદન કાર્યક્રમની શરૂઆત કરી.ધ્વજવંદનના કાર્યક્રમમાં આજુબાજુ વિસ્તારનાં નાનાંમોટાં લોકો હાજરી આપી રાષ્ટ્રીય તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરે છે.વર્ષમાં બે દિવસ ધ્વજવંદનનો કાર્યક્રમ શહેરના શેરી મહોલ્લા અને સોસાયટીમાં અચૂક યોજવા જોઈએ.

**સુરત - કિરીટ મેઘાવાલા**

## લંગર

લંગર શબ્દ વિવિધ અર્થમાં વપરાય છે. જેમ કે, સદાવ્રતખાનું, લંગરખાનું- ગરીબોને મફત ખાવાનું આપે તે ઠેકાણું, સાર્વજનિક રસોડું. હાર, કતાર, દાન વગેરે. વહાનવટુમાં વહાણ, મચવસ, આગબોટ વગેરે પાણીમાં સ્થિર ઊભાં રહે એ માટે દોરડે બાંધી પાણીમાં નાખવામાં આવતી મોટી લોખંડની બિલાડી. વાંકા આંકડવાળું સાધન જમીનમાં ભરાય છે. વહાનવટુમાં લંગર અનિવાર્ય છે. જીવનમાં પણ માત્ર દોડધામ ન ચાલે, થોડી સ્થિરતા પણ જરૂરી છે. આયોજનબદ્ધ જીવન હોય તો તકલીફો ઘટે, નહિતર વધે. આપણી પાસે મિનિટ, કલાક, દિવસ, માસ કે વર્ષ માટે કોઈ જ આયોજન હોતું નથી. રવિવારનો દિવસ હોય અને કયાં, કેવી રીતે પસાર કરવો તેનું કોઈ આયોજન ન હોય તો? કોઈ સામે મળ્યું અને પૂછે, “કઈ તરફ?” જવાબ આપવો અઘરો થઈ જાય એટલે કહીએ, “બસ, આટલે જ.” અઢળક કામોનું ભારણ હોય ત્યારે કયા કામને અગ્રતા આપવી તેની ગતાગમ ન પડે અને ખોટા નિર્ણયો કરી પછતાવાનો વારો પણ આવે. આયોજનબદ્ધ બનીએ તો ખોટી હાય હાયમાંથી બચી શકાય. ટૂંકમાં સમય પસાર કરવા-જરૂરી કાર્યો કરવા યોજના અમલમાં મૂકવામાં સમજદારી છે. યોજના વિના, સમયપત્રક વિના વ્યક્તિનું કોઈ ઠેકાણું રહેતું નથી. માનવી લંગર વિનાના વહાણની જેમ પાણીના પ્રવાહમાં ચારે દિશામાં ફર્યા કરે છે. બીજી બાજુ સુકાનવાળું વહાણ ધારેલી દિશામાં સડસડાટ દોડે છે. આમ સમયપાલન અનિવાર્ય છે. સરવાળે જીવનમાં થોડી સ્થિરતા કેળવીએ.

**નવસારી-કિશોર આર. ટંડેલ**

## અપૂર્વ સૌહાર્દ પ્રથા

દક્ષિણ ગુજરાતનાં અખબારોમાં ‘ગુજરાતમિત્ર’ નામે એક બહુ જાણીતું વર્તમાનપત્ર છે, જેમાં રોજ ચર્ચાપત્ર વિભાગમાં સુંદર, જ્ઞાનવર્ધક, આકર્ષક અને માહિતીસભર ચર્ચાપત્રો સામેલ હોય છે. જેના વડે વાચકોને રાજકીય, સામાજિક, પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. શ્રેષ્ઠ અને કનિષ્ઠ બાબતો સમજાય છે. સમગ્ર વર્તમાનપત્રમાં ચર્ચાપત્રની કોલમ સવિશેષ વાચનીય લાગે છે. એના વડે જાગૃતિ સાથે ઉમંગ, ઉત્સાહ અને લોક સમસ્યા પર ઉપાય મળે છે. આ અતિશયોકિત નથી પણ સત્ય જેવું છે, કે ‘ચર્ચાપત્ર વિભાગ’ એક પ્રકારનું સ્વતંત્ર ‘અખબાર’ જ છે. જેમાં વિવિધ વિષયો પરના પત્રોનું લખાણ વાંચવા મળે છે. એનું સંપૂર્ણ પ્રબળ શ્રેય ‘ગુજરાતમિત્ર’ અખબારના સુચારુ તંત્રીમંડળને જાય છે.

ચર્ચાપત્ર લખનારાં ચર્ચાપત્રીઓ ‘લોકમિત્ર’ છે. તેઓ સમાજમાં અવલોકન કરીને સમાજનું ખરું રૂપ દર્શાવે છે. કોઈ જાતનું વેતન, મહેનતાણું લીધા વગર, કોઈ અપેક્ષા વગર સેવાભાવથી વિવિધ લોકભોગ્ય વિષયને ચર્ચામાં મૂકે છે. એ વિષયની સુવિધામાં સચોટ ચર્ચા થાય અને સુખદ નિર્ણય આવે એવું માનસ લેખકનું હોય છે. દક્ષિણ ગુજરાત ચર્ચાપત્રી સંઘ નામે જે સંસ્થા છે તે સમગ્ર ચર્ચાપત્ર લેખકોને પ્રોત્સાહન આપે છે. દર વર્ષે શ્રેષ્ઠ ચર્ચાપત્ર લેખકને માનચિહ્ન, પ્રમાણપત્ર, અર્થશુલ્કથી બહુમાન કરે છે. આ એક અપૂર્વ સૌહાર્દ પ્રથા છે. જેથી ચર્ચાપત્રકાર પોતાની શૈલીને વિકસિત કરે છે, અને સમાજને ઉપયોગી બની શકે છે. ચર્ચાપત્રી સંઘની પ્રવૃત્તિને વેગવન્તુ બનાવવામાં સુરતના પ્રસિધ્ધ વર્તમાનપત્ર ‘ગુજરાતમિત્ર’નો મોટો આધાર છે અને અખબારમાં લોકધ્વનિ કોલમ હેઠળ ચર્ચાપત્રો સ્થાનાપન્ન થયા છે. ગુજરાતમિત્ર અને લોકમિત્ર ચર્ચાપત્રીઓની જોડી અખંડ અમર રહે એ જ સહિચ્છા.

**સુરત - બાળકૃષ્ણ વડનેરે**

## પ્રવાહ ચુકાય ગયો છે

“હું કયારેય મારા બાળકને ભણાવતો નથી. હું એ ભણી શકે તેવું વાતાવરણ આપું છું.”એરીસ્ટોટલે કેટલી સાચી વાત કરી! બાળક (શાળામાં) નર્સરી કે પહેલા ધોરણમાં દાખલ થાય તે પહેલાં વાતાવરણમાંથી કેટલું બધું શીખીને આવે છે. જો શિક્ષકો શાંતિથી આ બાબતો વિચારે તો “હું ભણાવું છું કે હું શીખવું છું”નો ભ્રમ ભાંગી જાય. બાળકોને શાળામાં જરૂર છે માત્ર અનુકૂળ વાતાવરણની. વાતાવરણ આપો પછી જુઓ એને શીખવવું નહિ પડશે. અનુકૂળ વાતાવરણ મળતાં દિવાલમાં છોડ ઊગી નીકળે છે તો આ તો બાળક છે! બાળકને રસ જાગશે એને જાણવાની, સમજવાની, વિચારવાની,પ્રશ્નો દ્વારા જિજ્ઞાસા સંતોષવાની ભૂખ લાગશે.શાળા,સમાજ કે શિક્ષકો પછી કયારેય એવું બહાનું નહિ કાઢે કે બાળકોને ભણવાની કે શીખવાની ભૂખ જ નથી. ગમતાં વાતાવરણમાં બાળક મુરઝાશે નહીં.બાકી એવું લાગે છે કે બાળક ભણતરના ભાર નીચે હસવાનું યે ભૂલી ગયું છે.છેલ્લાં બેલે જે અદમ્ય ઉત્સાહ એનાં ચહેરા પર આવે છે તે જોયો છે ને? આવતી કાલે રજા છે , આવી નોટીસ સાંભળીને બાળકો સામે જોશો તો ખ્યાલ આવશે કે બાળકોને બંધ નિશાળ વધુ ગમે છે.પ્લે ગૃપ,નર્સરી કે પહેલા ધોરણથી જ ટ્યુશન! રોજ સરેરાશ ૪૦૦ વાર હસતાં બાળકનાં બાળપણને, તેના હાસ્યને હણવાનું હીન કૃત્ય થઈ રહ્યું હોય એવું નથી લાગતું?

**સુરત - અરુણ પંડ્યા**

## બીડી વાળવાવાળો અમેરિકામાં ડિસ્ટ્રીકટ જજ

કેરળના કાસરગોડમાં અત્યંગ ગરીબ પરિવારમાં સુરેન્દ્ર કે. પટેલનો જન્મ થયો. કુટુંબને આર્થિક મદદ કરવા માટે સ્કુલ ટાઈમ બાદ બીડીની ફેકટરીમાં બીડી વાળવા જતા અને બીડી વેચતા પણ. બીડી વાળવાની સાથે નવમું ધોરણ પાસ કર્યું. બીડી વાળતાં વાળતાં મનમાં પણ ગાંઠ વાળી દીધેલી કે ગમેતેમ કરીને આગળ ભણવું તો છે જ. તેથી નાનું-મોટું કામ કરી નાઈટ સ્કૂલમાં ભણવાનું શરૂ કર્યું. 10 મું ધોરણ સામાન્ય માર્કસથી પાસ કર્યું. ત્યારબાદ એક વર્ષ ફુલટાઈમ બીડી વાળવાનું જ કામ કર્યું. પણ ફરીથી નયનાર મેમોરીઅલ ગવર્નમેન્ટ કોલેજમાં એડમિશન લીધું. સ્નાતક કક્ષાની પરીક્ષામાં ટોપર રહ્યા. હોટલમાં કામ કરતાં કરતાં કાલિક ગવર્નમેન્ટ લો કોલેજમાંથી એલ.એલ. બી.ની ડીગ્રી મેળવી ત્યાર પછી એડવોકેટને ત્યાં જુનિઅર તરીકે જોડાયા. હવે શોભા નામની એક નર્સ સાથે તેનાં લગ્ન થયાં. શોભાએ દિલ્હીમાં જોબ મળી એટલે પતિ-પત્ની બન્ને દિલ્હી આવ્યાં. દિલ્હીમાં રહીને સુરેન્દ્ર સુપ્રીમ કોર્ટમાં પ્રેકિટસ શરૂ કરી. નસીબે યારી આપતાં શોભાને યુએસએમાં ગ્રોસરી સ્ટોરમાં જોબ કરવા લાગ્યા. નોકરી કરતાં કરતાં લોયરની ટેક્ષાસ સ્ટેટની બાર એકઝામ (લાયસન્સ માટે) પાસ કરી હવે અહીં હ્યુસ્ટનમાં લો પ્રેકિટસ શરૂ કરી. પછી તેમની ટેક્ષાસની બેન્ક કાઉન્ટીના ડિસ્ટ્રીકટ જજ બન્યા. તેમણે ભગવદ ગીતા પર હાથ મૂકી ડિસ્ટ્રીકટ જજ તરીકેના શપથ લીધા હતા.

જબ હોંસલા બના લિયા ઊંચી ઊડાનકા

ફિર દેખના ફિજુલ હૈ કદ આસમાનકા.

**સુરત - કિરીટ ડુમસિયા**